# પડોશી દેશ માટે એક ભારતીય કવિતા

સંશોધક
ડૉ.સમીર ભટ્ટ
સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ ગાંધીનગર

---

અમૃત કે લિયે સમુદ્ર મંથન જારી હૈ
વિષપુરુષ હો ગયે હે ગુંડે
ફાઇલે અટકી પડી હૈ અમાનુષીકતા કે નયે સબૂત સે
હાલાકી સૂર્ય પશ્ચિમ મે નહી ઉગા હૈ
નકલી પ્રકાશ વાલી બાંબીઓમે  પગ પગ પર
મૌકા તાડતે હૈ  કરાલ કાલે નાગ
ઔર ભી બહુત સારે ફન ઉઠાએ તૈયાર હૈ
ચોટ કરને કે લિયે
ફૂટપાથો પર સિનેમાઘર કે કોને મેં
બસ અડ્ડોકી ભીડ ઔર પાર્કોમેં
અન્યાયસે જબ મારા ગયા અભિમન્યુ
મીટ ગયા  દિન ઔર રાત કા ભેદ તબ સે
અહો. રાત્ર હૈ યુદ્ધ
હોટેલ, ફેક્ટરીઓ, ગોદામો,ખેતો કે
ચક્રવ્યૂહમેં  ફસતે હૈ બચ્ચે બેખબર
પ્યારો ઇન પીંજડો મેં તુમ્હારા પંખ ફફડાના
નિરર્થક હૈ ઇસ એસે દેશ મે

-ગોપાલકૃષ્ણ અડીગ (કન્નડ કવિતા)
અનુવાદ :- અજયકુમાર સિંહ.

મિત્રો, જગતભરની ફિલસૂફી, ધર્મ,સાચા સંતો, સજ્જન પુરુષો હંમેશા પ્રેમ, અહિંસા, શાંતિનો ઉપદેશ આપતા રહ્યા છે. વળી તેઓ એમ પણ કહેતા રહ્યા છે કે સાચો માર્ગ સમજણનો છે.'સુખે જીવો અને જીવવા દો'સૂત્ર અપનાવવામાં જ શાણપણ છે. વળી કોઈ પણ અંતિમેં જઈ બેસવામાં નુકસાન છે. મધ્યમ માર્ગ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-94-february-2021/RRJ807411

હંમેશા સુખ તરફ લઈ જાય છે. આ જગતમાં ખાડો ખોદે તે પડે. ચપટી સ્વાર્થ માટે જરૂરી બીજાને નુકશાન કરવામાં સૌથી વધુ નુકસાન આપણું જ થતું હોય છે. રાવણ વૃત્તિ હંમેશા ઘર- પરિવાર- સમાજ- રાષ્ટ્ર - શબ્દને છિન્નભિન્ન કરતી હોય છે. પડોશીને નુકસાન કરવા પાળવામાં આવતો નાગ ક્યારેક આપણી ઓળખ ભૂલી જાય એવું બને ત્યારે તેનો ડંખ સહેવા તૈયાર રહેવું પડે. ભસ્માસુર કે બાણાસુરને બહાદુરીનું વરદાન આપવાની ભૂલ ઈશ્વરે પણ ભોગવી છે. આવી આદર્શવાદી વાતો ક્યારેક આપણી સામે આવે ત્યારે જવાબમાં અનેક દલીલો પણ આપણી પાસે હોય છે. આપણે ધીરજ ના અભાવે તેને પુસ્તકીયુ જ્ઞાન કહી દેતા હોઈએ છીએ. ક્યારેક આપણે આવું સમજાવનાર તરફ નિરાશાભરી નજરે તાકી રહીએ છીએ અને ધારદાર દલીલો કરતા રહીએ છીએ.આપણે આપણી વાત સાચી સાબિત કરવા ઢગલો એક ઉદાહરણો ધરી અને આપણી વાતને સાચી સાબિત કરવા માટે મથતા રહીએ છીએ. જોકે સત્ય એ છે કે ખાડો ખોદે તે જ પડે - એનું પ્રમાણ ચોતરફ નજરે પડે છે. આવું બને ત્યારે આપણે હંમેશા બીજાનો વાંક કાઢી શકતા નથી. કટ્ટરવાદ હંમેશા પતન નોતરે છે. આપણને ચોતરફથી પીડે છે. 'લડ કા લડનાર દે' વાળી વૃત્તિ હંમેશા દુઃખ ઉત્પન્ન કરે છે. આપણી આવી મનોવૃત્તિ કેવા પરિણામ લાવે છે? કોઈની પ્રગતિ સામે દ્વેષ કરવો, સંકુચિત વિચારસરણી ને પ્રોત્સાહન આપવું, મેલી રમતો રમી ઘરમાં હોળી સળગાવી - આ બધાનો અંત કેવો આવે? સમજદાર માનવી મધ્યમ માર્ગ જ અપનાવે છે. એ ક્યારેય અંતિમવાદી બનતો નથી. ઉપરની કન્નડ કવિતા આપણને પરિસ્થિતિ અને એ પરિસ્થિતિને કારણે ઊભો થતો નિર્વેદ સૂચવે છે. આરંભની પંક્તિમાં જ સમુદ્ર મંથન નો સંદર્ભ છે.ભારતીય સંસ્કૃતિમાં મિથ નો મહિમા વધુ છે.સમુદ્ર મંથન એ વિષ અને અમૃત બંને માટે કરવામાં આવેલ પણ આજનું સમુદ્ર મંથન છે તે નર્યા વિષનું જ સૂચન કરે છે. આપણી આસપાસના જગતમાં ચોતરફ અરાજકતા છે. આપણે સુખી રહી શકતા નથી એવી પરિસ્થિતિમાં કોઈ ઈચ્છે તો પણ કઈ કરી શકતું નથી. મને ડબલ્યુ બી યેટ્સનું 'સેકન્ડ કમિંગ' કાવ્ય યાદ આવે છે. કવિ અરાજક પરિસ્થિતિનું નિરૂપણ અહીં પણ કરે છે.તેનો ઉદ્દેશ શું છે? શા માટે આવી પરિસ્થિતિ નું વર્ણન કવિતામાં કરવું જોઈએ? કારણ એ છે કે હંમેશા કવિ દીપ અને દર્પણનું કાર્ય કરે છે. માનવ કેવો છે, પરિસ્થિતિ કેવી છે, જગત કેવું છે- આ ત્રણેય બાબતો કવિ પોતાની કવિતામાં જ્યારે લાવે છે ત્યારે તેની પાછળનો ઉદ્દેશ જોવો જોઈએ. તે અરાજક એવી પરિસ્થિતિ એટલા માટે નિરૂપે છે કે તેની ઈચ્છા આ સૃષ્ટિમાં સંવાદ સ્થાપવાની છે. એક સુંદર સમજ ધરાવતું જગત તે ઈચ્છે છે. માનવજીવન સુખી રહે, સમૃદ્ધ રહે અને નર્યા આનંદની અનુભૂતિ કરાવનાર બની રહે તેવી કવિની ઈચ્છા છે કવિ અહીં અરાજક એવી પરિસ્થિતિ નિરૂપે છે. રોજ-બરોજના માનવના જીવનમાં યુદ્ધ અહોરાત્ર ચાલે છે.ઉમાશંકર જોશી લખે છે, ' અમે સારસ્વતો સંવાદિતાના સાધકો' આ સંવાદિતા ની સાધના કવિ કરે છે. એ માટે તે પ્રહાર પણ કરી અને માર્ગ પણ દર્શાવે છે.સુંદરમ લખે છે 'ઘણુંક ઘણું ભાંગવું ઘણ ઉઠાવ મારી ભૂજા' નવસર્જનની અપેક્ષાથી આજની પરિસ્થિતિ નું નિદાન કવિ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-94-february-2021/RRJ807411

કરે છે ઉપરથી અરાજક પરિસ્થિતિ સુચવતી કવિતા  આજની પરિસ્થિતિની કડક ચિકિત્સા કરે છે. કવિની વાતને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજીએ તો વિસંવાદિતા થી સંવાદિતા તરફની સફર આરંભાય.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-94-february-2021/RRJ807411